# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-04-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

**નમસ્કાર,આકાશવાણી,**

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

**મુખ્ય સમાચાર**

**(મ્યુઝીક અંડરપ્લે )**

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકનું આયોજન.**

2) **ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના કપાટ ખૂલતાની સાથે ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો આજથી આરંભ.**

3) **કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે 'એક દેશ એક ચૂંટણી' એ સમયની માગ છે.'**

4) **વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન- વેવ્ઝ 2025નો આવતીકાલથી મુંબઈમાં આરંભ થશે.**

5) **IPLમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો.**

..................................................................................

સમાચારને અંતે

(આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# CABINET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક નવી દિલ્હીમાં યોજાઈ રહી છે. પહલગામ આતંકી હુમલા બાદ મંત્રીમંડળની આ પહેલી બેઠક છે. મંત્રીમંડળની સુરક્ષા કાર્ય સમિતિની બેઠક પણ આજે યોજાય તેવી શક્યતા છે.

# REV LOC FIRING

ભારતીય સેનાએ ગત રાત્રે જમ્મુ-કાશ્મીરમાં નિયંત્રણ રેખા- LoC પર પાકિસ્તાની સેનાની ગોળીબારનો વળતો જવાબ આપ્યો. સંરક્ષણ સૂત્રોના જણાવ્યા મુજબ, પાકિસ્તાની સેનાએ LoC પર નૌશેરા, સુંદરબની અને અખનૂર સેક્ટર વિસ્તારમાં ઉશ્કેરણી વગર ગોળીબાર કર્યો હતો.

પાકિસ્તાની સેનાની ચોકીઓ તરફથી બારામૂલા અને કુપવાડા જિલ્લા તેમજ પરગવાલ સેક્ટરમાં આંતર-રાષ્ટ્રીય સરહદ પર પણ ગોળીબાર કરાયો. ભારતીય જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરતા તેમને વળતો જવાબ આપ્યો હતો.

# CHARDHAM YATRA

અક્ષયતૃતિયાના પાવન પ્રસંગે આજે ઉત્તરકાશી જિલ્લામાં શ્રદ્ધાળુઓ માટે ગંગોત્રી અને યમુનોત્રી મંદિરના કપાટ ખોલવામાં આવ્યા. આ સાથે જ ઉત્તરાખંડમાં ચારધામ યાત્રાનો આરંભ થયો છે. વૈદિક મંત્રોચ્ચાર અને અન્ય ધાર્મિક વિધિ સાથે કપાટ ખોલવામાં આવ્યા. દેશભરમાંથી આવેલા શ્રદ્ધાળુઓ ગંગોત્રી અને યમુનોત્રી ધામમાં પૂજા-અર્ચના કરવા માટે ઉત્તરકાશી જિલ્લામાં આવ્યા છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ પણ પૂજા-અર્ચના કરી. હવે કેદારનાથ ધામના કપાટ શુક્રવારે અને બદ્રીનાથ ધામના કપાટ રવિવારે ખોલવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ચારધામ યાત્રામાં દર વર્ષે દેશ-વિદેશથી લાખો શ્રદ્ધાળુઓ આવે છે.

# PM AKSHAY TRITIYA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અક્ષય તૃતિયા નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, માનવતાને સમર્પિત આ તહેવાર તમામ લોકો માટે સફળતા, સમૃદ્ધિ અને આનંદ લાવશે. તેમણે ઉમેર્યું, આ પ્રસંગ વિકસિત ભારતના નિર્માણની સામૂહિક પ્રતિબદ્ધતામાં શક્તિ પૂરી પાડવાનો છે.

# PRADHAN GUPTA FLAG OFF

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન અને દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આજે સવારે દિલ્હી યુનિવર્સિટી ખાતે 'એક દેશ એક ચૂંટણી' પર સમર્પિત દોડને લીલીઝંડી બતાવી રવાના કરી હતી.

આ પ્રસંગે શ્રી પ્રધાને 'એક દેશ એક ચૂંટણી' એ સમયની માગ હોવા પર ભાર મુક્યો. તેમણે કહ્યું, વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા અને ભારતને આર્થિક મહાશક્તિમાં બદલવા દેશ અને રાજ્ય બંને સ્તર પર રાજકીય સ્થિરતા જરૂરી છે.

**(BYTE: DHARMENDRA PRADHAN, EDUCATION MINISTER)**

દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કહ્યું, 'એક દેશ એક ચૂંટણી' જ ભારતને વર્ષ 2047 સુધી વિકસિત ભારત બનાવવાનો એક માત્ર રસ્તો છે.

# DAY KOLKATA HOTEL FIRE

પશ્ચિમ બંગાળમાં મધ્ય કોલકાતાના ફલપટ્ટી મચ્છુઆ નજીક એક હૉટેલમાં ગત રાત્રે આગ લાગતા 15 લોકોના મોત થયા છે. પોલીસે જણાવ્યું કે, 14 મૃતદેહ મળ્યા છે અને કેટલાક લોકોને બચાવી લેવાયા છે. આગ કયા કારણોસર લાગી તે જાણી શકાયું નથી.

કોલકાતા પોલીસ કમિશનર મનોજકુમાર વર્માએ કહ્યું, આ ઘટનાની તપાસ માટે એક વિશેષ ટુકડી બનાવવામાં આવી છે.

આ પહેલા કેન્દ્રીય મંત્રી અને પશ્ચિમ બંગાળના ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ સુકાન્ત મજુમદારે આવી દુર્ઘટનાઓને રોકવા અગ્નિ સલામતીના પગલાનું કડક નિરીક્ષણ કરવા પણ આહ્વાન કર્યું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના મામલે પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તે માટે પ્રાર્થના કરી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, દરેક મૃતકના પરિવારને P.M.N.R.F.માંથી બે લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયાની સહાય અપાશે.

# AP WALL COLLAPSE

આંધ્રપ્રદેશમાં વિશાખાપટ્ટનમ પાસે સિમ્હાચલમ્ મંદિરમાં દર્શન માટે લાગેલી કતાર નજીક દિવાલ પડી જતાં સાત લોકોના મોત થયા છે. જ્યારે 15 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. આજે વહેલી સવારે ભારે વરસાદના કારણે એક ટૅન્ટ પડી જતાં એક દિવાલ ધરાશાયી થઈ હતી.

રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન દળોની બચાવ ટુકડી ઘટનાસ્થળે રાહત કાર્યમાં જોડાઈ છે. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડાયા છે. આંધ્રપ્રદેશના ગૃહમંત્રી અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઘટનાની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું, દરેક મૃતકના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ- P.M.N.R.F.માંથી બે લાખ રૂપિયાની સહાય અપાશે. જ્યારે ઈજાગ્રસ્તોને 50 હજાર રૂપિયા અપાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# PM BASAVA JAYANTI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બસવ જયંતિ નિમિત્તે જગદગુરુ બસવેશ્વરને યાદ કર્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, સમાજ માટે તેમનો દ્રષ્ટિકોણ અને વંચિત લોકોના ઉત્થાન માટે તેમના અથાગ્ પ્રયાસ આજે પણ લોકોનું માર્ગદર્શન કરે છે.

# BASVESHWARA STATUE

નવી દિલ્હી સંસદ ભવન પરિસરમાં આજે બસવ જયંતિ નિમિત્તે ગુરુ બસવેશ્વરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી. કેન્દ્રીય મંત્રીઓ અશ્વિની વૈષ્ણવ, કિરેન રિજિજૂ, પ્રહલાદ જોષી, શોભા કરંદલાજે અને ભાજપ સાંસદ તેજસ્વી સૂર્યા સહિત અનેક નેતાઓએ આજે ગુરુ બસવેશ્વરજીને પુષ્પાંજલિ આપી.

સંવાદદાતાઓ સાથે વાત કરતા સંસદીય બાબતોના કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજૂએ કહ્યું, બસવ જયંતિ નિમિત્તે સંસદ ભવન પરિસરમાં ગુરુ બસવેશ્વરની એક પ્રતિમાનું અનાવરણ કરાયું.

**(BYTE: કિરેન રિજિજૂ)**

# WAVES 2025

પહેલું વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન- વેવ્ઝ 2025 આવતીકાલથી મુંબઈના જિઓ વર્લ્ડ કન્વેંન્શન સેન્ટર ખાતે શરૂ થશે. ચાર દિવસનો આ કાર્યક્રમ શ્રવ્ય, દ્રશ્ય અને મનોરંજન ઉદ્યોગના ભવિષ્ય પર ચર્ચા માટે વૈશ્વિક મંચ પૂરૂં પાડશે.

આ કાર્યક્રમમાં વૈશ્વિક માધ્યમ સંવાદ, ખરીદનારા-વિક્રેતાઓની બેઠક, ઉભરતા સર્જકો માટે તેમની સામગ્રી પ્રદર્શિત કરવા તેમજ પ્રોત્સાહન આપવાના સત્ર તથા વાર્તા સંભળાવવા માટે નવા યુગના સ્વરૂપ પર આંતર-દ્રષ્ટિ પણ રજૂ કરાશે.

પ્રસ્તુત છે એક અહેવાલ......

## <u>(BYTE: DIPENDRA KUMAR)</u>

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી ટ્વેન્ટી ક્રિકેટમાં આજે ચેન્નાઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. ચેન્નાઈના એમ. એ. ચિદમ્બરમ્ સ્ટેડિયમમાં સાંજે સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે.

ગઈકાલે કોલકાતા નાઈટ રાઈડર્સે દિલ્હી કૅપિટલ્સને 14 રનથી હરાવ્યું. નવી દિલ્હીમાં રમાયેલી મેચમાં દિલ્હીની ટીમ 205 રનના લક્ષ્યાંક સામે નવ વિકેટ ગુમાવી 190 જ બનાવી શકી. ફાફ ડુ પ્લેસિસે 62 અને સુકાની અક્ષર પટેલે 43 રન બનાવ્યા હતા.

જ્યારે કોલકાતા નાઈટ રાઈડર્સ માટે સુનિલ નારાયણે ત્રણ અને વરુણ ચક્રવર્તીએ બે વિકેટ લીધી હતી. તો અનુકૂલ રૉય, વૈભવ અરોરા અને એન્દ્રે રસેલે એક-એક વિકેટ લીધી હતી. દરમિયાન સુનિલ નારાયણને પ્લેયર ઑફ ધ મેચ જાહેર કરાયા હતા.

# AKSHAYA TRITIYA PREVENT CHILD MARRIAGES

મહારાષ્ટ્રમાં જિલ્લા વહીવટી તંત્રએ અક્ષય તૃતિયા નિમિત્તે યોજાનારા બાળલગ્ન રોકવા અનેક પગલાં લીધા છે. જિલ્લા કલેક્ટર દિલિપ સ્વામીએ જિલ્લા, તાલુકા અને ગ્રામ સ્તરના અધિકારીઓને સતર્ક રહેવા તેમજ આવી કોઈ ઘટના સામે તાત્કાલિક કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે. બાળલગ્ન નાબૂદ કરવા જિલ્લા કાર્યદળને વિભાગોમાં પ્રયાસોના સમન્વય માટે સક્રિય કરાયા છે.

એક એપ્રિલ 2024થી અત્યાર સુધી કાર્યદળે બાળલગ્નના 88 પ્રયાસમાં હસ્તક્ષેપ કર્યો. સંબંધિત કાયદા હેઠળ ચાર F.I.R. નોંધવામાં આવી છે. બાળલગ્ન નિષેધ અધિનિયમ 2006 અંતર્ગત બાળકીઓ માટે લગ્નની સત્તાવાર વય 18 અને બાળકો માટે 21 વર્ષ છે. આ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ 2 વર્ષની કેદ, એક લાખ રૂપિયાનો દંડ અથવા બંને થઈ શકે છે.

લોકોને કોઈ પણ શંકાસ્પદ બાળલગ્નની માહિતી ચાઈલ્ડ હેલ્પલાઈન ટૉલ ફ્રી નંબર 1098 અને ઇમરજેન્સી સેવા નંબર- 112 પર આપવા પ્રોત્સાહિત કરાય છે.

# SWEDEN KILLING

સ્વીડનના ઉપ્સાલામાં વક્સાલા સ્ક્વેર પાસે એક દુકાનમાં ગોળીબાર થયા બાદ ત્રણ લોકોના મોત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, ગોળીબાર કરનાર વ્યક્તિ સ્કૂટર પર બેસીને ભાગી ગયો હતો. સ્થાનિક અધિકારીઓએ શહેરના મધ્યમાં એક મહત્વના વિસ્તારની ઘેરાબંધી કરી છે અને હત્યાની ઘટનાની તપાસ શરૂ કરી છે.

તાજેતરના વર્ષોમાં સ્વીડનમાં ગોળીબાર અને હુમલાની ઘટના અંગે ચિંતા વધી રહી છે. સરકારે જણાવ્યું, તેઓ દેશના બંદૂક કાયદાને કડક બનાવવા માગે છે. અગાઉ ફેબ્રુઆરીમાં સ્વીડિશ શહેર ઓરેબ્રો ખાતે એક પુખ્ત શિક્ષણ કેન્દ્રમાં થયેલા ગોળીબાર થતાં 10 લોકોના મોત થયા હતા.